## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મોદીજીએ ચંદ્રયાન વહેલું મોકલ્યું હોત તો....!?
પહોંચ્યા ભેગા ટમેટા ચાલીસના થઈ ગયા....



ગાંધીનગર અને સાબરમતી નદીના સાંનિધયમાં આવેલા પૌરાણિક ધોળેશ્વર મહાદેવને રક્ષાબંધનનિમત્તે સુંદર ફૂલોની રાખડી બનાવી હતી શણગાર જોઈ શિવભકતો એ ધન્યતા અનુભવી હતી તહેવારોમાં પૌરાણિક ધોળેશ્વર મહાદેવના દર્શને આવનારની સંખ્યા વિશેષ હોય છે.

# સે-૨૬ જીઆઈડીસીમાં ફેબીકેશનની દુકાનમાં જુગાર રમતા ૬ ઝડપાયા

## કોઈને જાણ ન થાય તે માટે શટર અંદરથી બંધ કર્યું હતું

ગાંધીનગર, તા.૩૦

શ્રાવણીયા જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. જુગારને ઉપદ્રવને ડામવા માટે પોલીસે બાજ નજર રાખી દરોડા પાડી જુગારીઓને પકડી પાડે છે. ત્યારે શહેરની સેકટર-૨૬ સ્થિત જીઆઈડીસીમાં બ્રહ્માણી ફેબીકેશનની દુકાનમાં બાજી માંડીને બેઠેલા ૬ જુગારીઓને એલસીબી-૧ પોલીસે પકડી પાડી રૂ.૬૨ હજારનો મુદામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમ શેટ્ટી એ જુગારની પ્રવૃતિને અંકુશમાં લેવા તાબાના અધિકારીઓને જરુરી સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૧ પીઆઈ દિવાનસિંહ વાળાને બાતમી મળી હતી કે સેકટર-૨૬ જીઆઈડીસી પ્લોટ નં.ઈ-૧૨૩ ખાતે પરેશ પ્રજાપતિ નામના શખ્સ બ્રહ્માણી ફેબીકેશન દુકાનમાં બહારથી જુગારીઓને બોલાવી જુગાર ધામ ચલાવતો હતો.જેથી એલસીબી પોલીસ બાતમીવાળી દુકાન પર અચાનક ત્રાટકતા દુકાનનું શટર અંદરથી બંધ હતું. પોલીસે શટર ખોલવતા જુગારીઓના મોતીયા મરી ગયા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા તેઓએ સુરેશ રાજુભાઈ પ્રજાપતિ (ઉં.વ.૩૫ રહે ગામ રાંધેજા પ્રજાપતિ વાસ), ગીરીશ શીવાભાઈ પટેલ (ઉં.૫૫ રહે.ગામ રાંધેજા સિધ્ધેશ્વરી હોમ્સ), મૌસમસિંહ દિલિપસિંહ રાજપુત (ઉં.૩૦ રહે ગામ-મેંઉ દરબારવાસ તા.જી.મહેસાણા), જયેશ કાંતિભાઈ પટેલ(ઉં.૩૭ રહે ગામ-સોલૈયા પટેલવાસ તા.માણસા ગાંધીનગર), કાલીદાસ ગોપાલદાસ શર્મા (ઉં.૫૫ રહે સે-૨૭ પ્લોટ નં.૬૩૨) તેમજ નિમેશ સુર્યકાંતભાઈ પટેલ (ઉં.૫૦ રહે સહજાનંદ પાર્ક સોસાયટી મકાન નં.૪ ઘોડાસર અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૩૨,૧૭૦ તેમજ ૬ મોબાઈલ ફોન કિં.૩૦ હજાર મળી કુલ રૂ.૬૨ હજારનો મુદામાલ કબ્જે કરી તમામ જુગારીઓને પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચંદ્રના સોહમણાં સ્વરૂપના દર્શન કરાવતો ‘સુપર બ્લૂ મૂન’ ઝળહળ્યો

ગાંધીનગર, તા. ૩૦

એક તરફ ભારતે ચંદ્રયાન-૩મિશન થકી વિશ્વમાં સૌથી પ્રથમ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર વિક્રમ લેન્ડર ઉતારીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરીને જેણે કારણે સમગ્ર વિશ્વમાં ભારતનું સન્માન ઉન્નત શીખરે પહોંચ્યું છે. બીજી તરફ પવિત્ર શ્રાવણી પૂનમે જ્યારે નાગરિકો હર્ષોલ્લાસથી પોતાના ઘરમાં રક્ષાબંધનનું પાવન પર્વ ઉજવી રહ્યાં હતા ત્યારે સાંજે આકાશમાં ચંદ્રના અનન્ય સોહામણા સ્વરૂપના દર્શન કરાવતો ‘સુપર બ્લૂ મૂન’ તેજ પ્રકાશપુંજથી ઝળહળી રહ્યો હતો. આ વર્ષે ઓગસ્ટ મહિનો અવકાશી ખગોળીય ઘટનાઓ લઈને આવ્યો હતો જેમાં બે સુપરમૂનની અદ્વિતીય ઘટનાનો સમાવેશ થાય છે. સૌથી પહેલી સુપર મૂન ઘટના માસના પ્રથમ દિવસે સર્જાઈ હતી જયારે હવે વિદાય લઈ રહેલા આ મહિનાની તા.૩૦મી ઓગસ્ટના રોજ સુપર બ્લૂ મૂનની ઘટના સર્જાવા પામી હતી જેમાં ચંદ્ર દરરોજના સામાન્ય કરતાં ૭થી ૧૧ ગણો મોટો જોવા મળ્યો હતો. હવે એક જ માસમાં આ પ્રકારની બેવડા સુપર મુનની ઘટના ફરી વર્ષ ૨૦૩૭ સુધી જોવા મળશે નહીં તેવું ગુજકોસ્ટના એડવાઈઝર ડો. નરોત્તમ સાહુ અગાઉ જણાવી ચુક્યા છે.



### અડાલજ બસ સ્ટેન્ડ ખાતેનો બનાવ

## બસમાં બેસવા જતા સમયે મહિલાના ગળામાંથી સોનાનો દોરાની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના અડાલજ ત્રિ-મંદિર પાસે પીકઅપ બસ સ્ટેન્ડ બસમાં બેસવા જતા સમયે મુસાફરોની ભીડનો લાભ લઈ સરગાસણની વૃધ્ધાના ગળામાંથી રૂ.૧.૨૯ લાખ કિંમતનો સોનાનો દોરો તોડી લઈ શખ્સ રફુચકકર થઈ ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ન્યું સરગાસણ વિસ્તારમાં પ્રાર્થના ગ્રીન સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષિય મીનાબેન જોશી દિકરા વૈભવ સાથે રહી વિધવા જીવન જીવી રહ્યા છે. રક્ષા બંધનના પર્વને નિમિતે પિયર દાંતીવાડાના ડાંગીયા ગામ જવાનું હોવાથી ગઈકાલે મીનાબેનને દિકરો એકટીવા લઈ અડાલજ ત્રિ મંદિર બસ સ્ટેન્ડ નજીક મુકી ગયો હતો.આશરે બપોરના એક વાગ્યાના સુમારે અમદાવાદ-સુંધામાતા બસ આવતા મીનાબેન બસમાં બેસવા જતા હતા. તે સમયે મુસાફરો વધુ હોવાથી અજાણ્યા ચોર શખ્સે ભીડનો લાભ લઈ મીનાબેનના ગળામાં પહેરેલો સોનાનો દોરો તોડી લીધો હતો. સોનાનો દોરો તુટતા મીનાબહેને હોહા કરી મુકી હતી. જેથી મીનાબેનને દીકરો પણ બસમાં ચડી જઈને મુસાફરોને ચેક કર્યા હતા. પરંતુ સોનાનો દોરો મળી આવ્યો ન હતો. જેથી મીનાબેને અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દહેગામ નહેરૂ ચોકડી પાસે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### પોલીસે કારમાંથી રૂ.૧.૩૦ લાખની કિંમતની દારૂની ૧૧૩૦ બોટલ ઝડપી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરની નહેરૂ ચોકડી પાસેથી અમદાવાદ તરફ જતી કારમાંથી રૂ.૧.૩૦ લાખની કિંમતની વિદેશી દારૂની ૧૧૩૦ બોટલ તેમજ કાર મળી કુલ રૂ.૪.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને જોઈ જતા કારનો ચાલક દુર બિનવારસી હાલતમાં કાર મુકીને નાસી ગયો હતો. મળતી વિગત મુજબ દહેગામ પોલીસ મથકની ટીમ વાહન ચેકીંગની કામગીરી કરી રહી હતી તે સમયે રખીયાલ તરફથી એક સફેદ કલરની ગાડીમાં વિદેશી દારૂ નો જથ્થો ભરી ને અમદાવાદ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. જેથી દહેગામ પોલીસે બે ટીમે કારગીલ પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવી દેવામાં આવી હતી. ત્યારે બાતમીવાળી દહેગામ બજારથી નહેરૂ ચોકડી થઈ અમદાવાદ તરફ નીકળી હોવની જાણ થતા જ કારગીલ પેટ્રોલ પંપથી સામાન્ય અંતરે દહેગામ તરફથી આવતા વાહનોને રોકવા માટે નાકાબંધી કરી હતી. તે સમયે દુરથી દારૂ ભરેલી કારના ચાલકને પોલીસની જાણ થઈ ગઈ હતી. જેને પગલે બિનવારસી હાલતમાં ગાડી મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. જયારે નાકાબંધીથી થોડા દુર બાતમીવાળી કાર દેખાતા તેમાં પોલીસે તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની ૧૧૩૦ બોટલ કિં.૧.૩૦ લાખની મળી આવી હતી.જયારે દારુ અને કાર મળી કુલ રૂ.૪.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલોડા, ઈસનપુર મોટા અને ફિરોઝપુરમાંથી ૧૨ જુગારીઓ ઝડપાયા

### પોલીસે રૂ.૪૩,૪૭૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ચિલોડા પોલીસે બાતમીને પગલે ચિલોડા બંગડીવાસ ખાતે અને ઈસનપુર મોટા તેમજ ડભોડા પોલીસે ફિરોજપુર ગામમાંથી મળી કુલ-૧૨ જુગારીઓને પોલીસે પકડી પાડી રૂ.૪૩,૪૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. શ્રાવણ માસની સાતમ આઠમને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શ્રાવણીયા જુગારની બાજી માંડી ખેલીઓ બેસી ગયા છે.ત્યારે પોલીસ પણ રંગમાં ભંગ પાડી ખેલીઓને પકડી રહી છે. મળતી વિગત મુજબ ગાંધીનગરના ચિલોડા પોલીસે બાતમીને પગલે બંગડીવાસમાં મહેશભાઈ ભુરાભાઈ પરમારના ઘરની બહાના ભાગે બેટરી લાઈટના અજવાળે બાંજી માંડીને બેઠેલા મહેશ ભુરાભાઈ પરમાર, રોહિત મનુભાઈ ઠાકોર અને અમિત ગોવિંદ મકવાણાને અંગજડતી તેમજ દાવ પરથી મળી કુલ રૂ.૧૮૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. જયારે ચિલોડા પોલીસે બાતમીને પગલે ઈસનપુર મોટા ગામમાં મિતેશ મહેન્દ્ર પટેલના ઘરમાં ઘુગરીયા વાસમાંથી મિતેશ મહેન્દ્ર પટેલ, સંજય રામાભાઈ પટેલ, રીતેશ કનુભાઈ પટેલ, અક્ષય મહેન્દ્રભાઈ પટેલ, હિતેશ સતિષભાઈ પટેલ અને ભીખાભાઈ પુનમભાઈ પટેલ (તમામ રહે. ઈસનપુર મોટા) ને દાવ પરથી અને અંગજડતી દરમિયાન રૂ.૧૦,૮૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૬ કિં.૨૦ હજાર મળી કુલ રૂ.૩૦,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એ જ રીતે ડભોડા પોલીસે નાઈટ પેટ્રોલીંગ સમયે બાતમીને પગલે ફિરોઝપુર ગામની ભાગોળ જોગણી માતાજી મંદિર પાછળ ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે જુગાર રમી રહેલા વલાદ ગામના લલિત કાળાજી જાદવ, ફીરોજપુર આશ્રમની પાછળ રહેતા રાહુલ ધનાજી જાદવ, અને ફિરોજપુર આંગણવાડી વાસ ખાતે રહેતા વિદુર ગાભાજી જાદવને પોલીસે પકડી પાડી અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૦,૮૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## JSG સંગિની ફોરમનો રક્ષાસેતુ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૩૦

JSG સંગિની ફોરમ ગાંધીનગર એ સંગિની બહેનો સાથે આજના રક્ષાસેતુ પર્વ નિમિત્તે સેક્ટર ૧૯ ની સ્પેશ્યલ બાળકોની સ્કૂલમાં અનાથ અને સ્પેશ્યલ બાળકોને રાખડી બાંધી, બાળકોને કાજુકતરી ચોકલેટથી મોં મીઠું કરાવી, તેમના આરોગ્યની શુભકામના પાઠવી હતી. ત્યારબાદ સેક્ટર-૨૧ ના પોલીસ સ્ટેશનમાં જુદા જુદા પદાધિકારી પોલીસ કર્મીઓને રાખડી બાંધી શુભેચ્છા પાઠવી, આરતી ઉતારી, કંકુ ચોખાનું તિલક કરી કાજુકતરી ચોકલેટ થી મોં મીઠું કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંગીની બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થઈ હતી. સંગિની બહેનોએ પોલીસકર્મીઓ ને રાખડી બાંધવાનો લાભ લીધો હતો. સંગીની બહેનોએ હાથે બનાવેલી ખૂબ જ સુંદર રાખડીઓ લઈને આવી હતી. હાથે બનાવેલી ૩ શ્રેષ્ઠ રાખીને ઈનામો જાહેર કરેલ. આ કાર્ય આખામાં પ્રમુખ વીણાબેન વોરા, ઉપપ્રમુખ સોનલબેન અને જોઈન્ટ સેક્રેટરી રુપાબેને સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આજના કાર્યક્રમમાં ફાઉન્ડર પ્રેસિડન્ટ નીતિકાબેન શાહ, અરવિંદભાઈ શાહ તેમજ જેએસજી કોર્ડીનેટર ઝોનના પૂર્વ પ્રમુખ મેહુલભાઈ દોશી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી, કાર્યક્રમની શોભા વધારી હતી, જેઓનો સંગિની ફોરમની બહેનો એ હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

## સાયબર ક્રાઈમ સેલ અમદાવાદ દ્વારા ક્વીક હિલ ફાઉન્ડેશના કલાકારો દ્વારા નાટક ભજવાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત પોલીસ અને પોલીસ કમિશનર શ્રી અમદાવાદ, સાયબર ક્રાઈમ સેલ અમદાવાદ દ્વારા અમદાવાદ શહેરના નરોડા, નવરંગપુરા, નિકોલ, બાપુનગર, શહેર કોટડા, કારંઝ, કાગડાપીઠ, ગાયકવાડ હવેલી, શાહીબાગ, પાલડી, સરદારનગર, ઓઢવ અને રખીયાલ પોલીસ સ્ટેશનનાં વિસ્તારનાં શાળા, કોલેજ, હોસ્ટેલ, જાહેર સ્થળ ઉપર ‘ક્વીક હિલ ફાઉન્ડેશન’નાં કલાકારો દ્વારા ‘સમજો તો સારૂ’ નાટક કાર્યક્રમને મોબાઈલ યુર્ઝરને વિવિધ રીતે ફ્રોડથી બચવા, સાઈબર ગુન્હેગાર લોકો પ્રજાને કઈ રીતે લાલચ આપીને રૂપિયા ફ્રોડ કરીનો પડાવે છે એ બાબતે નાટક દ્વારા જન જાગૃતિ પ્રચાર-પ્રસાર પ્રોગ્રામ યોજાયો હતો.



શ્રાવણી પૂર્ણિમા એટલે બ્રહ્મબંધુઓનું નવી યજ્ઞોપવિત ધારણ કરવાનું પાવન પર્વ. શહેરના સેક્ટર-૧૬ ખાતે સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મસમાજ ભવન ખાતે સામુહિક યજ્ઞોપવિત વિધિનું આયોજન કરાયું હતુ જેમાં મોટી સંખ્યામાં શહેરના બ્રહ્મબંધુઓએ નવી યજ્ઞોપવિત એટલે કે જનોઈ ધારણ કરી હતી.

## રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે ‘મારી માટી મારો દેશ, માટીને નમન, વિરોને વંદન’ અંતર્ગત ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતિ’ની ઉજવણી અંતર્ગત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ્ર મેઘાણી’ રચીત પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવેલ હતું.

આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન નિયામક, ગ્રંથાલય, ગાંધીનગરના નિયામક ડૉ. પી.કે. ગોસ્વામીએ કરેલ હતું. આ પ્રસંગે મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. અમિતાબેન એમ. દવે સરકારી જિલ્લા પુસ્તકાલય, ગાંધીનગરના ગ્રંથપાલ ડૉ. જયરામભાઈ દેસાઈ ભૂતપૂર્વ મદદનીશ ગ્રંથાલય નિયામક, આર.ડી. પરમાર હાજર રહ્યા હતા તેમજ ગ્રંથાલય વાચકો વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં હાજર રહી પ્રદર્શન નિહાળેલ હતું.

આ કાર્યક્રમનું આયોજન રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના ગ્રંથપાલ ગોવિંદભાઈ રાવળ, ડૉ. નેહાબેન માછી, તુષારભાઈ ભટ્ટ, રાજેન્દ્રસિંહ વાઢેરે કરેલ હતું. આ પ્રસંગે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયને સમગ્ર સ્ટાફ હાજર રહેલ હતો.

## મસ્તીની પાઠશાલાના બાળકો દ્વારા રક્ષાબંધન નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૩૦

રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે મસ્તીની પાઠશાલા ના બાળકો દ્વારા ગુરુજીના હાથે રાખડી બાંધીને અને રક્ષાબંધન નિમિત્તોની ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકોએ સરસ મજાના પેન્ટિંગ બનાવીને આનંદભેર રક્ષાબંધનની ઉજવણી કરી. રક્ષાબંધનનો પર્વ એટલે ભાઈ બહેનના અતૂટ પ્રેમનું બંધન. રક્ષાબંધનનો તહેવાર વર્ષોથી ઉજવવામાં આવે છે અને આજે પણ ભાઈબહેનનો આ તહેવાર એટલા જ પ્રેમથી ઉજવવામાં આવે છે. બહેન ભાઈના હાથે રાખડી બંધીને તેની રક્ષાની કામના કરે છે. હિન્દુ ધર્મમાં આ તહેવારનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. આ મસ્તી ની પાઠશાળામાં બાળકોને ફ્રી નિશુલ્ક ટ્યુશન આપવામાં આવે છે. બાળકોને ભણતરની સાથે અન્ય ક્રિએટિવિટી કરાવવામાં આવે છે. બાળકોને દરરોજ બિસ્કીટ ફળ અથવા અન્ય ભોજન આપવામાં આવે છે અહીંયા સમાજના લોકો દ્વારા જન્મદિવસ કે અન્ય ખુશીના પ્રસંગે આ બાળકો વચ્ચે આવીને એમને પ્રસાદ રૂપે કંઈક મદદ આપીને આ બાળકોની ખુશીમાં અનેક ઘણો વધારો કરવામાં આવે છે.

## ચરેડી છાપરામાં જુગારની બાજી માંડીને બેઠેલા બે ભાઈ સહિત ત્રણ ઝડપાયા

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં જાણે શ્રાવણીયા જુગારની મૌસમ જામી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૨૧ પોલીસે સેકટર-૨૮ ચરેડી છાપરામાંથી જુગાર બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓને પોલીસે રૂ.૧૯૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકની ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમય દરમિયાન તેઓને બાતમી મળી હતી કે ચરેડી છાપરાની બહાર આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા ગોળ કુંડાળુ કરીને જુગારની બાજી માંડીને બેઠેલા જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે તેમના નામ પુછતા શરીફ મોહમંદભાઈ સીંધી (ઉં.૪૧ રહે સેકટર-૨૮ ચરેડી છાપરા), કેશવ નર્ભય ઠાકોર (ઉં.૨૫ ચરેડી છાપરા), અને શિવરામ નર્ભય ઠાકોર (રહે.૩૧ચરેડી છાપરા) હોવાનું જણાવ્યું હતું.પોલીસને જુગારીઓના દાવ પરથી રૂ.૪૦૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૧૫૪૦ મળી કુલ રૂ.૧૯૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.